□□□□□□ □□□□□□ : Donation Drive

આના લેખક છે ચથિગ ઝા “ઝાઝી”
શુક□થ્વાર, 19 જુલાઇ 2013 17:09



કવિલોક ટ્રસ્ટ

C/o. કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, અમદાવાદ-૩૮૦૦૦૧ ફોન : (૦૭૯) ૨૨૧૪૩૭૪૫
Email - kumartrust@gmail.com

દાન માટે અપીલ

કવિલોક ટ્રસ્ટ ગુજરાતનું એકમાત્ર એવું ટ્રસ્ટ છે કે જે કવિતાની વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરે છે. અત્યાર સુધીમાં તેણે છ કાવ્યોસત્રો વિવિધ નગરોમાં યોજ્યાં છે. આ ઉપરાન્ત નવ્ય કવિઓના પ્રથમ કાવ્યસંગ્રહ પણ તે પ્રકટ કરે છે. આવા તેણે ૧૨ કાવ્યસંગ્રહો પ્રકટ કર્યા છે.

આ ઉપરાન્ત ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય કવિ રાજેન્દ્ર શાહે ૧૯૫૭માં શરૂ કરેલું કવિતાનું સૌપ્રથમ દ્વિમાસિક ‘કવિલોક’ આજ દિન સુધી નિયમિત રીતે પ્રકટ થાય છે. એના રૂપરંગમાં અવારનવાર નવીન છાંટ ઉમેરાતી ગઈ છે.

આ ‘કવિલોક’ દ્વિમાસિકનો ઉદ્દેશ નવી રચાતી ગુજરાતી કવિતાને પ્રસિદ્ધ કરી નવા કવિઓને ઉત્તેજન આપવાનો છે. સાથે સાથે તે આપણા ઉત્તમ કવિઓની નવી કાવ્યરચનાઓ પણ પ્રકટ કરતું આવ્યું છે. આ ઉપરાંત વિશ્વની વિવિધ ભાષાઓનાં કાવ્યોના શ્રદ્ધેય ગુજરાતી અનુવાદો અને વિવિધ ભાષાના કવિઓના પરિચયો પણ તેમાં પ્રકટ થાય છે, જેને કારણે ગુજરાતી નવા કવિઓ વિશ્વકવિતાના પરિચયમાં મુકાય છે, અને એ રીતે તેઓ પોતાના નવસર્જન દ્વારા ગુજરાતી કવિતાને વધુ વિકાસના માર્ગે લઈ જાય છે.

‘કવિલોક’ દ્વિમાસિકને હજુ વધુ સમૃદ્ધ અને વધુ પાનાંઓ ફાળવીને પ્રકટ કરવાની ઉમેદ છે. પરન્તુ આ માટે આજના સમયમાં વધુ નાણાંભંડોળની જરૂર રહે. આથી આપ જેવા કવિતાચાહકને કવિલોક ટ્રસ્ટને દાન રૂપે ફાળો આપી આ કાર્યમાં સહાયભૂત થવા આથી હાર્દિક અપીલ છે. કવિલોકને અપાતાં દાન આયકરમુક્તિને પાત્ર છે. આપ આ દાનની રકમ રોકડેથી અથવા ‘કવિલોક ટ્રસ્ટ’ના નામના ચેક/ડ્રાફ્ટથી અથવા ઉપર જણાવેલા કુમાર ટ્રસ્ટના સરનામે અથવા નીચે આપેલી બૅન્કની માહિતી પ્રમાણે સીધા જમા કરાવી શકો છો.

આપના સહકારની અપેક્ષા સહ.

ટ્રસ્ટીઓ

નિરંજન ભગત, ધીરુ પરીખ, પ્રસાદ બ્રહ્મભટ્ટ, પ્રવીણ પંડ્યા, રાજેન્દ્ર પટેલ, પ્રફુલ્લ રાવલ, નલિન પંડ્યા

ખાતાનું નામ : કવિલોક ટ્રસ્ટ
ખાતા નંબર : ૦૩૪૨૦૧૦૦૦૦૦૯૮૪
બૅન્કનું નામ : બૅન્ક ઑફ બરોડા
બ્રાન્ચ : યુનિવર્સિટી કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૯
ખાતાનો પ્રકાર : સેવિંગ્સ

નોંધ : જો આપ શ્રી રકમ બૅન્કમાં જમા કરાવો તો અમોને kumartrust@gmail.com પર નામ અને સરનામું જણાવવા વિનંતી.

{jcomments on}